ખેતી અને ખેડૂત કલ્યાણ મંત્રાલય

(પશુપાલન, ડેરી અને મત્સ્યઉદ્યોગ વિભાગ)

જાહેરનામું

નવી દિલ્લી, ૨૮મી એપ્રિલ, ૨૦૧૭

રાષ્ટ્રીય સમુદ્રી મત્સ્યયન નીતિ,૨૦૧૭

**F. No. 21001/05/2014-FY (Ind) Vol. V. – આમુખ**

**૧.૦** સમુદ્રી મસ્ત્યયન નીતિ,૨૦૧૭ ( એન.પી.એમ.એફ., ૨૦૧૭)નો મુખ્ય હેતુ, રાષ્ટ્રની વર્તમાન અને ભાવી પેઢી માટે ભારતના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રો (ઈ.ઈ.ઝેડ.)માં ઉપલબ્ધ સમુદ્રી મત્સ્ય સંસાધનના સ્વાસ્થ્ય અને પરિસ્થિતિવિષયક સમગ્રતાને, ટકાઉ દોહન કરી સંરક્ષિત કરવું છે. એન.પી.એમ.એફ,૨૦૧૭ની સંપૂર્ણ વ્યૂહરચના સાત સ્તંભો ઉપર આધાર રાખે છે; ટકાઉ વિકાસ, માંછામાર સમુદાયનું સામાજિક-આર્થિક ઉદ્ધાર, ભાગીદારી, સહાયતાનો સિદ્ધાંત, પેઢી-ગત સમાનતા, લિંગ આધારિત સમાનતા અને સાવધાનીપૂર્વકનું અભિગમ. આ સાત સ્તંભો દેશના સમુદ્રી માછીમાર ક્ષેત્ર માટેના ધ્યેય અને હેતુઓને પામવા માટે વિવિધ હિતધારકોનું માર્ગદર્શન કરશે. જયારે માછીમાર સમુદાય આ નીતિના કેન્દ્રમાં રહેશે, તે હેઠળ લેવાના પગલાઓનો આધાર "લોક વિશ્વાસ સિદ્ધાંત" ઉપર રહેશે.

એ બાબત ધ્યાન રાખવા જેવી છે કે ભારતમાં ૨.૦૨ મીલીયન ચો.કિ.નો ઈ.ઈ.ઝેડ. છે, ૮,૧૧૮ કિ.મિ. લાંબો દરિયા કિનારો છે અને સમૃદ્ધ અને વૈવિધ્ય સભર સમુદ્રી સંપદા ધરાવતા બે મુખ્ય દ્વીપ સમૂહો છે;

સમુદ્રી મસ્ત્યયન ની દોહન ક્ષમતા સમૃદ્ધિ વાર્ષિક ૪.૪૧૨ મીલીયન મેટ્રિક ટન હોવાનો અનુમાન છે;

અંદાજીત ૪.૦ મીલીયન લોકોની આજીવિકા સમુદ્રી માછીમાર સંસાધનો ઉપર આધાર રાખે છે;

સમુદ્રી મત્સ્યયનનું આર્થિક સમૃદ્ધિ તરફે યોગદાન લગભગ ૬૫,૦૦૦ કરોર છે;

સમુદ્રી મત્સ્યયન ભોજન, પોષણ, રોજગારી અને આર્થિક ઉપાર્જન માટેનું મુખ્ય સ્ત્રોત છે;

સમુદ્રી મત્સ્યયન સમૃદ્ધિ નિકાસની આવક અને આંતરાષ્ટ્રીય વ્યાપારમાં મુખ્ય યોગદાન આપે છે;

DRAFT

દેશનું સમુદ્રી મત્સ્યયન વિસ્તાર મહત્તમ રીતે વૈવિધ્ય સભર છે પરંતુ તેમાં મુખ્યત્વે નાના-પાયાના અને પારમ્પરિક માછીમારોનો સમાવેશ થાય છે;

સમુદ્રી મત્સ્યયન ક્ષેત્રને વિવધ હિતધારકો, જેમાં સરકારી અને બિન-સરકારી એજેન્સીઓનો સમાવેશ થાય છે દ્વારા સેવા આપવામાં આવે છે.

રાષ્ટ્રના સમુદ્રી જીવિત સંસાધનો મૈરીકલ્ચર જેવી ટકાઉ પદ્ધતિઓ થકી ઉત્પાદન ક્ષમતામાં વધારાની શક્યતાઓ ધરાવે છે.

સમુદ્રી સંસાધન  અસીમિત નથી અને અમર્યાદિત દોહન થકી સમાપ્ત થઈ શકે છે;

અમર્યાદિત દોહન જૈવવિવધતાને નુકશાન કર્તા છે અને તે ભવિષ્યની પેઢી માટે સંસાધનોની ઉપલબ્ધિને સીમિત કરે છે.

આપણું દેશ આંતર્રાષ્ટ્રીય કરારો અને સમુદ્રી જીવિત સંસાધનોના ટકાઉ ઉપયોગ માટેની વ્યવસ્થા તરફે કટિબદ્ધ છે.

એન.પી.એમ.એફ., ૨૦૧૭ રાષ્ટ્રની સમુદ્રી મત્સ્યયન ક્ષેત્ર નીચે મુજબની દૃષ્ટિ, હેતુ અને વ્યૂહરચના ઉપર આધાર રાખે છે:

**દૃષ્ટિ**

**“વર્તમાન અને ભવિષ્યની પેઢીની જરૂરિયાતોને પહોચી વળવા સ્વસ્થ અને જીવંત સમુદ્રી મત્સ્યયન ક્ષેત્ર”**

**હેતુ**

**“સંસાધનોનું ટકાઉપણું દરેક કાર્યવાહીના કેન્દ્રમાં રાખી, આ નીતિગત માળખું રાષ્ટ્રીય, સામાજિક અને આર્થિક લક્ષ્યો, ટકાઉ આજીવિકા અને માછીમાર સમુદાયનું સામાજિક-આર્થિક ઉદ્ધાર જેવા હેતુઓ સર કરશે અને આવતા દસ વર્ષો સુધી દેશમાં સમુદ્રી મત્સ્યયન વ્યવસ્થાપન અને સંકલન માટે માર્ગદર્શિકાનું કામ કરશે.”**

**વ્યૂહરચના**

## ભારતનું સમુદ્રી મત્સ્યયન ક્ષેત્ર – એક રૂપરેખા

DRAFT

૨.૦ ભારતની વિકાસ યોજનાઓમાં સામાન્ય રીતે મત્સ્યયન ક્ષેત્ર અને સમુદ્રી મત્સ્ય-ઉદ્યોગ પેટા-ક્ષેત્રની ક્ષમતાને ઘણા શરૂઆતથી જ માન્યતા આપવામાં આવી હતી અને ત્યારથી આ ક્ષેત્રને વિકાસના સાધન તરીકે વિકસિત કરવા માટે ઘણા ખાનગી અને જાહેર પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. જનસંખ્યાની અન્ન અને પોષણ સંબંધી જરૂરિયાતો પૂરી કરવાની સાથે, મત્સ્યયન ક્ષેત્ર વાણીજ્ય અને વ્યાપાર સંબંધી અને તટીય વિસ્તારના સમુદાયને રોજગારી આપવા માટે પણ મહત્વની ભૂમિકા ભજવે છે.

૩.૦ પરમ્પરાગત રીતે શરૂઆત કરી, મત્સ્યયન આજે એક વાણિજ્યિક સાહસ બની ચુક્યું છે. ૧૯૭૬માં ઇ.ઈ.ઝેડ.ની જાહેરાત પછી, ભારતમાં ઉપલબ્ધ સમુદ્રી વિસ્તાર અંદાજીત ૨.૦૨ મીલીયન ચો.કિ.મી. છે. ઈ.ઈ.ઝેડ. ને લગતા સ્વતંત્ર અધિકારો મેળવ્યા પછી, ભારતે આ વિસ્તારમાં રહેલ સમુદ્રી જીવિત સંસાધનોનું સંરક્ષણ, વિકાસ અને શ્રેષ્ઠ જાળવણીની જવાબદારી પણ સ્વીકારી લીધી છે. ૨૦૧૧માં, ભારત સરકાર દ્વારા ગઠિત કરાયેલ કાર્યકારી જૂથ (વી.જી.) દ્વારા ભારતીય ઈ.ઈ.ઝેડ.માંથી અંદાજીત ઉત્પાદન ૪.૪૧૨ મીલીયન મેટ્રિક ટન આંકવામાં આવી છે. આ અંદાજ ૨૦૦૦ની (૩.૯૩૪ એમ.એમ.ટી.) સાલમાં કરાયેલ અંદાજ કરતા ૧૨.૨ ગણું વધુ હતું. ઉંડા સમુદ્રના સંસાધનો જેવા કે ઓઈલ સારદાઇન, રીબન ફિશ, ઇન્ડીયન માર્કેરેલનો ફાળો ૨.૧૨૮ એમ.એમ.ટી. છે (૪૮.૨%), સમુદ્રતલના સંસાધનો જેવા કે પીનાઇડ અને નોન-પીનાઇડ પ્રજાતિની ઝીંગા માછલી, સિફેલોપોડ્સ, પર્ચીસ, ક્રોકરનો ફાળો ૨.૦૬૭ એમ.એમ.ટી. છે (૪૬.૮%) અને સમુદ્રી સંસાધનો મુખ્યત્વે યેલો ફીણ ટ્યુના, સ્કીપ જેક ટ્યુના, બીગેયે ટ્યુના, બીલ ફીશ, પીલાજીક શાર્ક, બરકુદા, ડોલ્ફિન અને વાહુનો ફાળો ૦.૨૧૭ એમ.એમ.ટી. છે (૪.૯%). ભારતમાં દરાયાઈ ઊંડાઈ આધારિત વર્ગીકરણ આ પ્રમાણે છે: ૧૦૦ મી.ના ઊંડાણ સુધી ૩.૮૨૧ એમ.એમ.ટી. (૮૬.૬.%), ૧૦૦-૨૦૦ મી. ઊંડાણ સુધી ૦.૨૫૯ એમ.એમ.ટી. (૫.૮ %) અને ૨૦૦ – ૫૦૦ મી. ઊંડાણ સુધી ૦.૧૧૫ એમ.એમ.ટી. (૨.૬ %), અન્ય ૦.૨૧૭ એમ.એમ.ટી. (૪.૯%) મહાસાગરીય જળમાં રહેલી છે. પાછલા ૪ વર્ષોમાં (૨૦૧૨-૧૩ થી ૨૦૧૫-૧૬) અંદાજીત મત્સ્ય-ઉત્પાદન ૩.૪૯૯ એમ.એમ.ટી. રહ્યું છે, જયારે ૨૦૧૫-૧૬મ તે ૩.૫૮૩ એમ.એમ.ટી. (પી) રહ્યું. જયારે દરિયા કિનારાના પાણીમાંથી મત્સ્ય સંસાધનોનું સંપૂર્ણ દોહન થાય છે, દરિયાના ઊંડાણમાં અને મહાસાગરીય પાણીમાં ઉત્પાદન વધારવાની તકો હાલ પણ ઉપલબ્ધ છે.

૪.૦ રાષ્ટ્રીય સમુદ્રી મત્સ્યયન ગણના (સેન્સસ), ૨૦૧૦ અનુસાર ભારતમાં માછીમાર સમુદાયની જનસંખ્યા ૪.૦ મીલીયન છે, જેમાં ૦.૯૯ મીલીયન સક્રિય માછીમાર લોકો છે. સક્રિય માછીમાર સમુદાય ૩૩% યંત્રચાલિત ક્ષેત્રમાં છે, ૬૨% મોટરાઈઝડ ક્ષેત્રમાં છે અને ૫% પારંપરિક અથવા આર્ટીસ્નલ ક્ષેત્રોમાં કામ કરી રહ્યો છે. કુલ સમુદ્રી મત્સ્ય ઉત્પાદન ક્ષેત્રમાં ૭૫% યંત્રચાલિત, ૨૩% મોટરાઈઝડ અને ૨% પારમ્પરિક ક્ષેત્ર છે. પાછલા ૫૦ વર્ષોમાં ભારતમાં સમુદ્રી મત્સ્ય ઉત્પાદનની પેટર્ન દર્શાવે છે કે સાઠના દશકમાં કુલ ઉત્પાદનમાં પારંપરિક

DRAFT

ક્ષેત્રનો ફાળો મહત્વપૂર્ણ રહ્યો છે. તે પછીના સમયમાં યંત્રચાલિત માછીમાર પદ્ધતિઓની લોકપ્રિયતા અને વિસ્તરણની સાથે પારમ્પરિક નાવડીઓના યાંત્રીકરણના કારણે પારંપરિક ક્ષેત્રનું યોગદાન સતત ઘટી રહ્યું છે. યંત્રચાલિત ટ્રોલ માછીમાર પદ્ધતિ હવે ભારતની વિભિન્ન પ્રકારની માછીમાર પદ્ધતિઓમાં સહુથી મહત્વપૂર્ણ છે અને દેશના કુલ દરાયાઈ મત્સ્યયન તેનો ફાળો ૫૫% છે.

૫.૦ આવકની દ્રષ્ટિએ ઉંડા પાણીમાં મળતી અમુક વધુ મુલ્ય ધરાવતી પ્રજાતિઓ, જેવી કે ટ્યુનાને હાલ પણ મુખ્ય રીતે પકડવામાં આવે છે. ઉપલબ્ધ સમુદ્રી સંસાધનોના ટકાઉ દોહન દ્વારા દેશ અને આ ક્ષેત્ર સાથે જોડાયેલ લોકોનું સતત વિકાસ સુનિશ્ચિત કરી શકાશે. કારણકે આ ક્ષેત્ર અતિ ગતિશીલ છે હાલની ટેકનોલોજીનું જ્ઞાન અને સંસાધનનોની સ્થિતિનો લાભ લેવા માટે નીતિઓ અને કાર્યક્રમોને સુગઠિત કરવાની જરૂર છે. આ દિશામાં નીચે પ્રમાણની ભલામણો કરવામાં આવે છે:

### મત્સ્યઉદ્યોગ વ્યવસ્થાપન

૬.૦ સરકાર દ્વારા ભારતીય ઈ.ઈ.ઝેડ.માં માછલીના સંભવિત ભંડારોના આંકલન માટે ૨૦૧૧માં નિયુક્ત કરાયેલ કાર્યકારી જૂથ દ્વારા દરેક સમુદ્રી રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વિભિન્ન પ્રકારના યંત્રચાલિત માછીમાર હોડીઓના સંબંધમાં ક્ષેત્રીય પાણીમાં વધારે ક્ષમતા ધરાવતા હોવાના સંકેતો અપાયા હતા અને સરકારના વિચાર માટે શ્રેષ્ઠતમ બેડાના આકાર માટે પણ સુઝાવ આપવામાં આવ્યા હતા. કાર્યકારી જૂથ દ્વારા રજુ કરાયેલ સુઝાવો સંબંધી વિચાર કરવામાં આવશે અને વધુ પડતી ક્ષમતાને તબ્બકાવાર રીતે ઓછું કરવા માટે રણનીતિ વિકસિત કરવામાં આવશે અને રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોમાં અન્ય સંબંધિત હિતધારકો સાથે ચર્ચા કરી તેને લાગુ કરવામાં આવશે.

૭.૦ ભારતના નજદીકના દરિયામાંથી વર્તમાનમાં પ્રાપ્ત સરેરાશ ઉત્પાદન દર, સંભવિત મહત્તમ ઉત્પાદન ક્ષમતાના અંદાજની ઘણી નજદીક છે, જે ૨૦૦ મીટરના ઊંડાણમાં સંસાધનોની શ્રેષ્ઠતમ ઉપજ દર્શાવે છે. બીજી બાજુ મહાસાગરીય પાણીમાં આજે પણ વધુ મુલ્ય ધરાવતા સંસાધનો જેવા કે ટ્યુના, ટ્યુના જેવી અન્ય પ્રજાતિઓ, મીક્ટોફીડ્સ અને મહાસાગરીય સ્ક્વીડની એક વણવપરાયેલ ક્ષમતા અસ્તિત્વ ધરાવે છે. તેમ છતાં, હાલના ઉત્પાદન અને સંભવિત ઉપજના અનુમાનોમાં વ્યાપક અંતરાલને ધ્યાને લેતા પ્રાકૃતિક માછલીઓની ઉપજના સંબંધમાં, વૈશ્વિક માપદંડોના અનુરૂપ સાવધાનીપૂર્વકના દૃષ્ટિકોણને અપનાવવાની જરૂર છે. આંતર-તટીય પાણીના સંબંધમાં સરકાર ટકાઉપણું અને સમાનતાના સિદ્ધાંતના આધારે મહત્તમ ટકાઉ ઉત્પાદનના વર્તમાન સ્તરોને જાળવી રાખવા ઉપર ભાર આપશે.

DRAFT

૮.૦ સમુદ્રી મત્સ્યઉદ્યોગની પૂર્ણ ક્ષમતાને હાંસલ કરવા માટે મત્સ્યયન પ્રયત્ન વ્યવસ્થાપન; બેડાના આકારને શ્રેષ્ઠતમ બનાવવા; ઉત્પાદન પ્રક્રિયામાં જૈવવિવધતા સંરક્ષણને મુખ્યધારામાં લાવી; પ્રજાતિ-વિશિષ્ટ અને ક્ષેત્ર-વિશિષ્ટ વ્યવસ્થાપન યોજનાઓ માટે પ્રયત્નો કરવામાં આવશે, જેમાં ઈકોલોજીકલ અને જૈવિક રૂપથી મહત્વપૂર્ણ ક્ષેત્રો (Ecologically and Biologically Significant Areas) અને સંવેદનશીલ સમુદ્રી ઇકોલોજીના તંત્રનું સંરક્ષણ; આઇકોનિક અને સમાપ્તિના આરે ઉભી પ્રજાતિઓની સુરક્ષા; સંસાધનોના ટકાઉ ઉપયોગ માટે સ્થાનિક (spatial) અને સામયિક (temporal) ઉપાય; અને પરામર્શ પ્રક્રિયા દ્વારા માછલી રીફ્યુંજિયાનું સૃજન પણ શામેલ છે. સાથે જ , આ સુનિશ્ચિત કરવામાં માટે માછીમાર સમુદાયના અધિકારો સુરક્ષિત છે અને તેમની આજીવિકા આવા સંરક્ષાત્મક પગલાઓથી પ્રભાવિત ન થયા માટે, સરકાર હાલના સમુદ્રી સંરક્ષિત ક્ષેત્રો (Marine Protected Areas)ની સમીક્ષા કરશે.

૯.૦ મત્સ્યયન વ્યવસ્થાપનમાં સંકલિત અભિગમ અપનાવવામાં આવશે, જેમાં પારંપરિક જ્ઞાન અને વિજ્ઞાનની સાથે વ્યાપારિક સિદ્ધાંતો અને પ્રાથમિક હિતધારકો અને સંબંધિત પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ લોકોને શામેલ કરવામાં આવશે. જેથી સુનિશ્ચિત કરી શકાય કે મત્સ્યયન ઇકોલોજી અને આર્થિક રીતે ટકાઉ બની રહે. પારમ્પરિક અને યંત્રકૃત ક્ષેત્રોની વચ્ચે વિવાદના નિવારણ માટે, સામુહિક ચિંતાના ઉભરતા મુદ્દાઓના નિરાકરણ માટે સુસંગત વ્યવસ્થાપન દૃષ્ટિકોણ અને સારા સહકારને પ્રોત્સાહન આપતા, રાષ્ટ્રીય ક્ષમતાના નિર્માણને વેગ આપવા માટે સહાયક થવા મત્સ્યયન વ્યવસ્થાપનમાં  સુધાર લાવવામાં આવશે.

૧૦.૦ સમુદ્રી મત્સ્યયન પ્રમુખ વિશેષતાઓ જેવી કે સંસાધનની પ્રચુર માત્રામાં ઉપલબ્ધતા અને વિતરણ , વાસ્તવિક સમયમાં સંસાધન ઉપલબ્ધતા દર્શાવતા નકશા; ઉત્પાદકતા આંકલન; વાસ્તવિક સમયમાં સંભવિત મત્સ્ય પાલન ક્ષેત્ર (Potential fishing Zone)ની સલાહ અને માછીમાર સમુદાયના લાભ માટે મૌસમના પૂર્વાનુમાન વિગેરે વિષયે માહિતીની તત્કાલ અને સુગમ ઉપલબ્ધતાને વેગ આપવા માટે જ્ઞાન વ્યવસ્થાપન એક માધ્યમ બનશે. માછીમાર સમુદાયના સમર્થનમાં લાભોનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરવા માટે સુચના પ્રૌદ્યોગિકી (IT) અને અંતરીક્ષ પ્રૌદ્યોગિકીનો ઉપયોગ કરવામાં આવશે.

૧૧.૦ સ્થાનિક અને સામયિક પાબંદીઓ (Spatial and temporal closures)ને દેશની સમુદ્રી મત્સ્ય સંપદાને જાળવી રાખવા મદદ કરી છે. આ સુનિશ્ચિત કરવા માટે કે આવા વ્યવસ્થાપન ઉપાયો માછીમાર સમુદાયની આજીવિકામાં નોંધનીય સુધારો લાવે, નિવારક દૃષ્ટિકોણ સાથે ઉપલબ્ધ સર્વોત્તમ વૈજ્ઞાનિક માહિતીને ધ્યાનમાં રાખી અને માછીમાર સમુદાય અને અન્ય સંબંધિત હિતધારકોને યથા ઉચિત રૂપથી આવરી લઈ તેમની સમયાન્તરે સમીક્ષા કરવામાં આવશે.

DRAFT

૧૨.૦ સમુદ્રી મત્સ્ય સંસાધન સીમિત છે, અને આવું પહેલા પણ જોવા મળ્યું છે કે, અનિયંત્રિત દોહનથી ઉપલબ્ધ સંસાધન સમાપ્ત થઈ શકે છે. માછીમાર પ્રયાસોને શ્રેષ્ઠતમ બનાવવા માટે અને સંસાધનોને ટકાઉ બનાવવા માટે સહાયક પગલાઓને સ્વીકારવા માટે સંબંધિત વૈજ્ઞાનિક સંસ્થાઓ અને માછીમાર સમુદાયો સાથે ચર્ચા કરી સરકાર જરુરી પગલાઓ હાથ ધરશે. આવા પગલાઓમાં અન્ય સાથે ઈનપુટ અને આઉટપુટ નિયંત્રણ, બેડાનો આકાર, મત્સ્યયન દિવસ અને સંચાલન ક્ષેત્ર, એન્જીન હોર્સપાવર, ગિઅરનો આકાર, એમએસઆઈ, ન્યુનતમ જાળ–આકાર, કાયદાકીય રીતે નિર્ધારિત ચેવી માટે માછલીનો ન્યુનતમ આકાર, આપેક્ષાકૃત ઓછા ઉપજવાળા ક્ષેત્રોમાં માછીમાર પ્રયાસને પરાવર્તિત કરવું; બેડા સંબધિત યોજના માટે નકશા તૈયાર કરવા; અને સંસાધનને સમાપ્ત થતા રોકવા માટે મત્સ્યયન વ્યવસ્થાપન ક્ષેત્રનું સૃજન કરવું વિગેરે શામેલ છે. સંબંધિત સંસ્થાઓ અછત અથવા હ્રાસની સ્થિતિમાં રહેલ માછલીઓના સ્ટોકને પુનઃજીવિત અને પુનઃસંવર્ધન અથવા રીકવરી માટેની યોજના સુનિશ્ચિત કરશે. મત્સ્યયન વ્યવસ્થાપન માટે એક ક્ષમતા મૂલ્યાંકન રૂપરેખા (capacity appraisal framework) બનાવવામાં આવશે.

13.0 હાલમાં દરિયા કિનારાના રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કિનારાના ઊંડાણ અથવા અંતરના આધાર પર પારંપરિક માછીમાર સમુદાય માટે ખાસ આરક્ષિત ક્ષેત્રો અંકિત કરવામાં આવ્યા છે, જ્યાં યંત્રચાલિત પ્રવૃત્તિઓ માટે પરવાનગી નથી હોતી. આવા ક્ષેત્રીય ઉપયોગ માટે અધિકાર (Territorial Use Rights for Fisheries or TURFs) પારમ્પરિક માછીમાર સમુદાયની આજીવિકા ટકાવી રાખવા ઉપયોગી સિદ્ધ થયા છે. સરકાર પારમ્પરિક માછીમાર સમુદાયને માટે આવી મદદ આપતી રહેશે અને કાર્યકારી જૂથની સાથે ચર્ચા કરશે, સરકાર પ્રાદેશિક પાણીમાં પારમ્પરિક માછીમાર સમુદાય માટે હાલમાં ઉપલબ્ધ ક્ષેત્રમાં વધારો કરવા બાબતે વિચાર કરશે.

૧૪.૦ ઇકોસીસ્ટમના દરેક જૈવિક અને નિર્જીવ ઘટકો બાબતે યોગ્ય વિચાર કરી અને હિતધારકોના કલ્યાણ માટે મત્સ્યયન વ્યવસ્થાપનના ઇકોસીસ્ટમ દૃષ્ટિકોણ (Ecosystem Approach to Fisheries Management)ને કાર્યરત કરવામાં આવશે. આ જ રીતે મત્સ્યઉદ્યોગ ક્ષેત્રમાં બહુ- હિતધારક, બહુ-પ્રજાતિ અને બહુ-કાફલો મસ્ત્યયન માટે સફળ વ્યવસ્થાપન પ્રણાલીઓમાંથી, ભાગીદારી વ્યવસ્થાપન અથવા સહ-વ્યવસ્થાપન (participatory management or co-management)ને પ્રોત્સાહન આપવામાં આવશે. સ્થાનિક ક્ષેત્રીય, આંતર-રાજ્ય અને રાષ્ટ્રીય મત્સ્યયનમાં આવરી લેનારી આવી સહ-વ્યવસ્થાપન પ્રણાલી વિવિધ માછીમાર સમુદાયો વચ્ચેના ઘર્ષણનું નિવારણ પણ કરશે. આ વ્યવસ્થાપન પદ્ધતિ સંબંધિત ધોરણો મત્સ્ય સંશોધન સંસ્થાઓ, તટીય વિસ્તારના રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશ, માછીમાર સમુદાય અને અન્ય સંગઠનો અને આ ક્ષેત્રના અન્ય સંબંધિત હિતધારકોની સાથે ચર્ચા કરી તૈયાર કરવામાં આવશે.

DRAFT

૧૫.૦ ભારતીય વિશિષ્ટ આર્થિક ક્ષેત્રના ૧૨-૨૦૦ સમુદ્રી માઈલમાં મત્સ્ય સંચાલન, પશુપાલન, ડેરી અને મત્સ્ય પાલન વિભાગ (ડી એ એ ડી એ એફ)દ્વારા સમયાન્તરે જાહેર કરાયેલ દિશાનિર્દેશોના આધીન કરવામાં આવે છે. આ દિશાનિર્દેશો હેઠળ યોગ્ય અરજદારને નિર્ધારિત ક્ષેત્રોમાં મસ્ત્યયન માટે પરવાનગી પત્ર(LOP અથવા Letter of Permit)આપવામાં આવે છે. એ બાબત ધ્યાને લેતા કે એલ.પી.ઓ. યોજનાનું ઉંડા સમુદ્રી ક્ષેત્રના વ્યાપક વિકાસના યોગદાનમાં અપેક્ષિત પરિણામ નથી જોવા મળી રહ્યું, માટે સરકાર એલ.પી.એ. યોજનાને બંદ કરી અન્ય વૈકલ્પિક તંત્ર વિષે વિચાર કરશે. નાના-પાયાના મત્સ્યયનની પ્રકૃતિને જાળવવી રાખી સમુદ્રી મત્સ્યયનના સર્વાંગી વિકાસ અને ઉપલબ્ધ સંસાધનોના શ્રેષ્ઠતમ ટકાઉ દોહન માટે ઉંડા સમુદ્રી મત્સ્યયન માટે ખાનગી નીવેશને પ્રોત્સાહન આપાશે. મત્સ્યયન ક્ષેત્ર, વિદેશી પ્રૌદ્યોગિકીની આપ-લે કાર્યક્રમ સિવાય દરિયામાં લાંબી યાત્રા કરી શકે તેવા, કાટ ન લાગે તેવા અને આધુનિક ઉંડા દરિયામાં મસ્ત્યયનના-જહાજોના એક મજબુત બેડા સાથે ઉંડા સમુદ્રી મસ્ત્યયનને અપનાવવા ચાહે છે. ઉંડા દરિયામાં મસ્ત્યયન માટે ભારતીય મસ્ત્યયન બેડાના ક્ષમતા વર્ધન માટે દરેક કેન્દ્રીય અને રાજ્ય સરકારના હિતધારકોને સાથે લઈ સિંગલ વિન્ડો દૃષ્ટિકોણ અપનાવવામાં આવશે. વ્યવસાય કૌશલ વિકાસ, ખાનગી નિવેશ, સાર્વજનિક નીજી ભાગીદારી (પી.પી.પી.) અને સમુદ્રી મસ્ત્યયન માટે સંસ્થાગત ધિરાણને પ્રોત્સાહન આપવામાં આવશે. તે સિવાય, સમુદ્રી મત્સ્યયન ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે સી-ફૂડ પ્રોસેસિંગ અને નિર્યાત ઉદ્યોગને ઉંડા દરિયાના મત્સ્યયન સાથે જોડાણ કરવા રૂપરેખા તૈયાર કરવામાં આવશે.

૧૬.૦ ઉંડા દરિયામાં મસ્ત્યયનને લોકપ્રિય બનાવવા માટે અને પારમ્પરિક માછીમાર સમુદાયના કૌશલ અને ક્ષમતાઓમાં વધારો કરવા માટે સરકાર નવી વિકાસલક્ષી યોજના(ઓ) લાવશે. આ યોજના સિવાય, ઉંડા દરિયામાં માછલી પકડવા માટે વપરાતા સ્વદેશી બેડાનું આધુનિકરણ, માછીમાર સહકારી મંડળીઓ/સ્વ સહાય જૂથોના માધ્યમથી ઉંડા દરિયામાં માછલી પકડવા માટે વપરાતા નવા સ્વદેશી જહાજોનું નિર્માણ, ઓન-બોર્ડ પ્રશિક્ષણ, બજાર અને નિર્યાત સાથે જોડાણ બાબતે વિચાર કરવામાં આવશે. આ પ્રક્રિયાઓ/યોજનાઓને લાગુ કરતા સમયે એ બાબત સુનિશ્ચિત કરવામાં આવશે કે આવી પહેલ કરતા ઈ.ઈ. ઝેડ.માં મત્સ્યયન સંબંધી આંતરાષ્ટ્રીય નિયમોનું પાલન થાય છે. ઈ.ઈ.ઝેડ.માં ઉંડા સમુદ્રી સંસાધનોના ઉપયોગ માત્ર ઈ.ઈ.ઝેડ.માં ઉપલબ્ધ સંસાધનોના સંદર્ભમાં જ નહી, પરંતુ પાયાગત માળખા, નૌકા નિર્માણ સર્વેક્ષણ અને પ્રમાણિકરણ, માનવ ક્ષમતાવર્ધન અને નીતિ નિયમોના વ્યાપક અમલીકરણ માટે તકનીકી સાધનો સંબંધી પુનર્વિચાર કરશે અને એક મજબુત દેખરેખ, નિયંત્રણ અને દેખરેખ (એમ.સી.એસ.) તંત્રની સાથે, વાણિજ્યિક મત્સ્ય-સંસાધનો બાબતે વૈજ્ઞાનિક અને તકનીકી જ્ઞાનની ઉપલબ્ધતા, અને તેમને હાંસલ કરવા માટે સર્વોત્તમ મત્સ્યયનની પદ્ધતિઓ બાબતે પણ ધ્યાન આપવામાં આવશે.

DRAFT

૧૭.૦ તટીય વિસ્તાર ધરાવતા રાજ્યોની જરૂરિયાતોને ધ્યાને રાખી ઈ.ઈ.ઝેડ. માટે એક સંપૂર્ણ સંસાધન યોજના તૈયાર કરવામાં આવશે. આજ સમયે, તટીય વિસ્તાર ધરાવતા રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોને સમજાવવામાં આવશે કે ૧૨ થી ૨૦૦ સમુદ્રી માઈલ વચ્ચે ઈ.ઈ.ઝેડ. કેન્દ્રીય સરકાર દ્વારા સંચાલિત એક સહિયારું (કોમન) સંસાધન છે અને અહિયા રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા એકાંકી મત્સ્યયનની રણનીતિ દ્વારા અમર્યાદિત દોહન અને આંતર-રાજ્ય ઘર્ષણ થઈ શકે છે. માટે કેન્દ્ર શાસિત પ્રદેશો અને રાજ્ય સરકારે ઈ.ઈ.ઝેડ.માં સંસાધનોના ટકાઉ ઉપયોગ માટે વ્યવસ્થાપન નીતિઓ અને પગલાઓ બાબતે એકમત થઈ સાથે રહી કામ કરવું પડશે. સમુદ્રી મત્સ્યયનના વ્યવસ્થાપન માટે આંતર-રાજ્ય ઘર્ષણની સાથે-સાથે આંતરાષ્ટ્રીય ઘર્ષનોને ઓછું કરવા માટે પણ એક સંસ્થાગત તંત્ર તૈયાર અને સુદૃઢ કરવામાં આવશે. સરકાર સંકલિત તટીય અને તટીય વિસ્તાર વિકાસ યોજનાઓ તૈયાર અને કાર્યરત કરશે, જે તટીય વિસ્તારના રાજ્યો અને દ્વીપોની અર્થવ્યવસ્થામાં વૃદ્ધિ કરવા માટે એક મહત્વપૂર્ણ બાબત રહેશે. આ યોજનાઓમાં મત્સ્ય દોહન, તટીય વિસ્તાર/દ્વીપ પર્યટન, જેમાં ફરી તેલ ભરી શકાય એવા તરતા બાર્જ, મૂળ વાહક યાન અને મોબાઈલ સમુદ્રી એમ્બ્યુલન્સ વિગેરેની સંયુક્ત રૂપરેખા બનાવવામાં આવશે.

૧૮.૦ રાષ્ટ્રીય ન્યાયાધિકાર ક્ષેત્રથી પરેના ક્ષેત્રો (એ.બી.એન.જે.)માં મત્સ્યયન સંસાધનોની ક્રિલ-ફિશિંગ વિગેરેની ઉપજ ઉભી કરવાની વ્યાપક સંભાવનાઓ રહેલી છે, જેનું ઘણા દેશો દ્વારા ઉત્પાદન કરવામાં આવે છે. સરકાર ખુલ્લા દરિયામાં મત્સ્યયન સંબંધી આંતરાષ્ટ્રીય કરારો/વ્યવસ્થાઓની સુસંગત જોગવાઈઓના પાલનની શરત બાબતે અને તટીય વિસ્તારની સુરક્ષા અને સમુદ્રી માછીમાર સમુદાયની સુરક્ષાને ધ્યાને રાખી ઉપરોક્ત દેખરેખ અને સંચાર તંત્રની સાથે ભારતીય મત્સ્યયન યાનો દ્વારા એ.બી.એન.જે.માં મત્સ્યયન સંસાધનોની ઉપયોગિતાને પ્રોત્સાહન આપશે.

## મોનીટરીંગ, નિયંત્રણ અને દેખરેખ (એમ.સી.એસ.)

૧૯.૦ સમુદ્રી મત્સ્યયન ક્ષેત્રમાં હાલમાં સ્થિત દૃઢ અને પ્રભાવશાલી એમ.સી.એસ. તંત્રને વધુ સુદૃઢ કરવાની જરૂર રહેલી છે. સરકાર દ્વારા સમુદ્રી ક્ષેત્રમાં ચાલી રહેલા દરેક મત્સ્યયન જહાજો (પારમ્પરિક,મોટરાઇઝ્ડ, યંત્રીકૃત અને બિન-યંત્રીકૃત)ની નોંધણી કરવા માટે એક ઓન-લાઈન એક સરખી નોંધણી અને લાઈસન્સિંગ પ્રણાલીની શરૂઆત કરવામાં આવશે. એમ તો નોંધણી અને લાઈસન્સિંગ દ્વારા માછલીના કેચનું મોનીટરીંગ અને મત્સ્યયન સંબંધી પ્રયાસોનું નિયંત્રણ થઈ રહ્યું છે તેમ છતાં, એમ.સી.એસ. ગતિવિધિઓને તટીય વિસ્તાર ધરાવતા રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોના મત્સ્યયન વિભાગ, તટીય વિસ્તારની પોલીસ અને તટ રક્ષક જેવી સંબંધિત એજન્સિઓની વધુ ભાગીદારીના માધ્યમથી વધુ સુદૃઢ કરવામાં આવશે.

DRAFT

એમ.સી.એમ.માં તબ્બકાવાર સુધાર લાવવામાં આવશે. આના માટે પારમ્પરિક સાધનો (જેમ કે લોગ બુક, આવન-જાવન માટે ટોકન, મત્સ્ય-નાવડીઓની કલર કોડીંગ, માછીમારોની ઓળખ માટે બાયોમેટ્રિક કાર્ડનો ઉપયોગ)  અને સાથે અંતરીક્ષ પ્રૌદ્યોગિકી અને આઈ.ટી. ઉપકરણો (જેવા કે મોનીટરીંગ પ્રણાલી અને સ્વચાલિત ઓળખ પ્રણાલી)નો પણ ઉપયોગ કરવામાં આવશે. એક વધુ પ્રભાવશાલી એમ.સી.એમ. પ્રણાલી સ્થાપિત કરવા માટે કેન્દ્ર સરકાર રાજ્ય સરકારો સાથે મળી કામ કરશે. ભારતીય તટરક્ષક દલ (આઈસીજી) અને તટીય એ.સી.એમ. પ્રણાલી સ્થાપિત કરવા માટે દરેક શક્ય પ્રયાસ કરવામાં આવશે.

૨૦.૦  સમુદ્રી મત્સ્યયન ક્ષેત્રમાં ડીઝાઇન, આકાર, એન્જીન અને ગિઅર અને સંચાલન ક્ષેત્રના આધાર પર ઘણા પ્રકારની મત્સ્યયન હોડીઓ આ ક્ષેત્રની વિશેષતા છે. મત્સ્યયન ક્ષેત્રની જરૂરિયાતો જેવી કે નોંધણી, પ્રમાણીકરણ, સર્વેક્ષણ અને પ્રમાણીકરણ, ઓળખ સંબંધી અને ટ્રેકિંગ ઉપકરણોનું અનિવાર્ય ધારણ, નોંધણી દસ્તાવેજોને લગતી જોગવાઈઓના ઉલ્લઘનના કિસ્સામાં દંડ, સમુદ્રી સુરક્ષા અને મત્સ્યયન જહાજોને ચલાવવા સંબંધી ધોરણોને હાંસલ કરવા માટે અને ખાદ્ય અને કૃષિ સંગઠન (એફ.એ.ઓ.), આંતરાષ્ટ્રીય સમુદ્રી સંગઠન (આઈ.એમ.ઓ.), આંતરાષ્ટ્રીય શ્રમ સંગઠન (આઈ.એલ.ઓ.) વિગેરે જેવી સંબંધિત એજેન્સીઓ દ્વારા નિર્ધારિત આંતરાષ્ટ્રીય ધોરણો અને માપદંડોને હાંસલ કરવા માટે સંબંધિત કાયદાઓને અદ્યતન કરવાની જરૂર રહેલી છે.

૨૧.૦   બોટ-બિલ્ડીંગ-યાર્ડની સ્થાપના અને મત્સ્યયન હોડીઓનું નિર્માણ , દેશમાં એક અનિયંત્રિત ગતિવિધિ છે, જેના કારણે ખરાબ ગુણવત્તા ધરાવતી હોડીઓનું નિર્માણ કરવામાં આવે છે, પરિણામ સ્વરૂપે, મહત્વના તત્વો જેવા કે સ્થિરતા, માછલી રાખવા માટે શ્રેષ્ઠતમ સ્થાન, કર્મચારી ક્વાર્ટર અને રસોડું અને શૌચાલયની વ્યવસ્થાઓ બાબતે ચલાવી લેવું પડે છે. ફાઈબર આધારિત પ્લાસ્ટિક (એફ.આર.પી.)ના વધુ પડતા ઉપયોગના કારણે આ પ્રકારના બોટ-બિલ્ડીંગ યાર્ડ દ્વારા ખરાબ પ્રકારની હોદીઓનું નિર્માણ વધી રહ્યું છે. સરકાર તટીય વિસ્તારના રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોના સમુદ્રી મત્સ્યયન નિયમન અધિનયમ (એમ.એફ.આર.એ.)ના કાર્ય વિસ્તાર બાબતે વિચાર કરશે, જેથી બોટ-બિલ્ડીંગ યાર્ડની નોંધણી, મત્સ્યયન હોડીઓ દરિયામાં ચલવવા યોગ્ય છે કે નહી, એનું વાર્ષિક સર્વેક્ષણ, આઈ.આર.એસ. અથવા આવી જ કોઈ તકનીકી સંગઠનના માધ્યમથી સંચાર અને સુરક્ષા ઉપકરણોની તપાસ, હોડીના માનક ડીઝાઇન ધોરણો વિગેરે આના હેઠળ આવરી લઈ શકાય, અને હોડી નિર્માણ હેતુ સામગ્રી અને સતત દેખરેખ પ્રક્રિયાનું નિયંત્રણ સંપૂર્ણ રીતે કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા કરવામાં આવશે.

DRAFT

૨૨.૦ ભારત, રીપોર્ટ ન કરાઈ હોય, અનિયમિત અને અવૈધ (આઈ.યુ.યુ.) મત્સ્યયનને રોકવા અને તેને સમાપ્ત કરવા સંબંધી વિભિન્ન આંતરાષ્ટ્રીય કરારો/વ્યવસ્થાઓના પક્ષકાર છે, અને આ જોતા સુનિશ્ચિત કરવામાં આવશે કે કોઈ પણ ભરતીય મત્સ્યયન હોડી/બેડો આપણા પોતાના એ.એ.ઝેડ.ની અંદર, આંતર-રાષ્ટ્રીય દરિયામાં અન્ય દેશોના ઈ.ઈ.ઝેડ.માં કોઈ પણ પ્રકારે આઈ.યુ.યુ. ફિશિંગ સાથે સંલગ્ન નથી, સરકાર બંદરગાહ અને દરિયા, બન્નેમાં એક સમર્થ તંત્રની સ્થાપના કરશે.

૨૩.૦ હાલમાં ભારતીય માછીમારો દ્વારા આંતરાષ્ટ્રીય સમુદ્રી સીમા રેખાને પર કરવાના કિસ્સાઓમાં વધારો થયો છે. આ વ્યવહારો ઘણા કારણોસર થાય છે, જેમાંથી એક કારણ છે સ્થાઈ મધ્યસ્થતા ન્યાયાલય, હેગ દ્વારા આપવામાં આવેલ નિર્ણયના આધારે આઈ.એમ.બી.ઈલ.ની પુનર્પરીભાષા. આ પ્રકારની ઘટનાઓને ઓછી કરવા માટે સરકાર માછીમાર સમુદાયમાં જરુરી જાગૃતિ લાવી પ્રશિક્ષણ આપશે જેથી આઈ.એમ.બી.એલ.ને પાર કરવાથી બચી શકાય.

૨૪.૦ આંતરાષ્ટ્રીય શ્રમ સંઘ સંગઠન (આઈ.એલ.ઓ.)નું કરાર સં. ૧૮૮ માછલી પકડવાની હોડીઓમાં ઉત્તમ શ્રમ પરિસ્થિતિ માટે જરુરી વ્યવસ્થા કરાવવા બાબતે એક ઐતિહાસિક આંતરાષ્ટ્રીય કરાર છે. માછલી પકડવાની હોડીઓ પર કામ કરવાવાળા શ્રમિકોને જરુરી સુરક્ષા ઉપલબ્ધ કરાવવાના હેતુથી સ્થાનિક કાયદામાં ઉપરોક્ત કરાર (કન્વેન્શન)ની જોગવાઈનો સમાવેશ કરવા બાબતે સરકાર વિચાર કરશે. આ સંબંધમાં, જરુરી છે કે કોઈ એક રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશના શ્રમિક જયારે બીજા રાજ્યમાં માછલી પકડવાની હોડીઓ ઉપર કામ કરવા માટે જયારે પ્રવાસ કરે છે, ત્યારે પણ ઉપરોક્ત જોગવાઈ તેમને લાગુ થાય. કેન્દ્રીય સરકાર આઈ.એલ.ઓ. કરાર ૧૮૮ને સમર્થન અને આના ત્વરિત અમલીકરણ માટે નિર્ધારિત સમયમાં તેને લાગુ કરવા માટે રાજ્ય સરકારો સાથે મળી કામ કરશે જેથી હોડી-કર્મચારીઓ અને હોડીઓમાં પ્રવાસી કર્મચારીઓની કામની પરિસ્થિતિમાં સુધાર, આંતરાષ્ટ્રીય મનકો અને નિયમોના સંદર્ભમાં મત્સ્યયન સંબંધી ભારતના કાયદાઓને અદ્યતન કરવાની અને તેમાં જહાજોની નોંધણી, સ્વચ્છતા અને લેન્ડીંગ કેન્દ્રો અને બંદરગાહો વિગેરે માટે સ્વચ્છતા માપદંડો માટે સમય મર્યાદા નક્કી કરવું શામેલ છે.

૨૫.૦ આઈ.એલ.ઓ. દ્વારા આ અનુમાન લગાવવામાં આવ્યો છે કે સમુદ્રી મત્સ્યયન સમયે વૈશ્વિક સ્તરે વાર્ષિક ૨૪,૦૦૦ માછીમાર લોકોનું મૃત્યુ થાય છે. આ આંકડા એ દેશોમાથી પ્રાપ્ત કરવામાં આવ્યા છે જ્યાં દરિયામાં દુર્ઘટના સંબંધિત આંકડાઓને યોગ્ય રીતે જાળવવામાં આવે છે. જો અન્ય દેશોના મૃત્યુ દરને પણ આમાં શામેલ કરવામાં આવે તો, સંખ્યા ઘણી વધી જાય. ભારતીય મત્સ્યયનના મુખત્વે “નાના-પાયા”ના હોવાની લાક્ષણિકતાના સંદર્ભમાં સરકાર સુનિશ્ચિત કરશે કે દરિયામાં સુરક્ષા ઉપાયોને યોગ્ય રીતે સુદૃઢ અને

DRAFT

કાર્યરત કરવામાં આવ્યું છે. આવા ઉપાયોમાં, અન્ય બાબતોની સાથે-સાથે હોડી ઉપર જીવન રક્ષક યંત્રો જેવા સંકટ સતર્કતા ટ્રાન્સમિટર (ડી.એ.ટી), સ્વચાલિત ઓળખ પ્રણાલી (એ.આઈ.એસ.) અથવા સમાન ટ્રાન્સપોંડર અને સંચાર ઉપકરણ અને માછીમારો અને અન્ય સંબંધિત હિતધારકો હેતુ ઉચિત કૌશલ અને ક્ષમતાવર્ધનની જોગવાઈ શામેલ હશે. માછીમારોની સુરક્ષાની યોગ્ય જોગવાઈ કરતા આવી પ્રણાલીઓને  કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા લાગુ કરવામાં આવશે.

## મસ્ત્યયન ડેટા અને સંશોધન

૨૬.૦ નિર્ણયોને અંતિમ રૂપ આપવા માટે સરકાર વિજ્ઞાન અને નીતિ ઇન્ટરફેસને સુદૃઢ કરશે. સમુદ્રી મસ્ત્યયન ક્ષેત્રના વિભિન્ન પાસાઓ ઉપર નીતિ-ગત નિર્ણય લેવા માટે સમયાન્તરે , વિશ્વસનીય અને વ્યાપક ડેટાસેટની જરૂરિયાત રહેશે, આ વાત ધ્યાનમાં રાખતા, કેન્દ્ર અને રાજ્ય સરકારો, સંશોધન સંસ્થાઓ અને હિતધારકોને સાથે જોડતા એક “રાષ્ટ્રીય સમુદ્રી મત્સ્યયન ડેટા અધિગ્રહણ યોજના”ને લાગુ કરશે. મત્સ્યયનમાં સમયબદ્ધ અને શિષ્ટ રીતે ડેટા પ્રાપ્ત કરવાના હેતુને ધ્યાને રાખતા જલ્દી જ એક યોજના લાગુ કરવામાં આવશે જેથી આ સંસ્થાઓને ક્ષમતાવર્ધન, વ્યવસ્થાપન પ્રણાલી અને ઉચિત પ્રૌદ્યોગિકી દ્વારા સુદૃઢ કરવામાં આવશે.

## સમુદ્રી માછલી ઉછેર (મૈરી કલ્ચર)

૨૭.૦ મૈરીકલ્ચર, જો સ્થાયી રૂપથી કરવામાં આવે તો તટીય જળમાં માછલીના ઉત્પાદનને વધારવા માટે આ એક મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકે છે. મૈરીકલ્ચર ક્ષેત્ર વિકાસ માટે, મૈરીકલ્ચર ફાર્મ/પાર્કની સ્થાપના માટે માછલીના ઈંડાની આપૂર્તિ માટે હેચરીઝની સ્થાપના કરવાની યોજનાઓને સરકાર પ્રોત્સાહન આપશે. આ ઉદભવતા ક્ષેત્રની સંસ્થાગત અને વાણિજ્યિક જરૂરિયાતો જેમાં પટ્ટા અધિકાર, નીતિઓ, સ્થાનિક યોજના, તકનીકી ઈનપુટ જેવા કૃષિકાર્ય, બીજ, આહાર, સ્વસ્થ્ય વ્યવસ્થાપન, પર્યાવરણીય અને સામાજિક પ્રભાવ, મૈરીકલ્ચર માટે માછીમાર અને ઉદ્યમકર્તાઓનું કૌશલ નિર્માણ અને બજાર મુલ્ય સાંકળનું વિકાસ વિગેરે શામેલ છે, નું સમાધાન તટીય રાજ્યો/ કેન્દ્ર શાસિત રાજ્યો અને સંબંધિત હિતધારકો સાથે પરામર્શ હાથ ધરીને કરવામાં આવશે. નાના માછીમાર સમુદાયો, માછીમાર સમૂહો, મત્સ્ય સહકારી મંડળીઓ અથવા સરકારી સંગઠનોની ભાગીદારીને વિશેષ રૂપથી પ્રોત્સાહન અને સહયોગ આપવામાં આવશે.

## દ્વીપ મત્સ્યયન

DRAFT

૨૮.૦ અંડમાન અને નિકોબાર તથા લક્ષદ્વીપ સમુહમાં ટ્યુના જેવી લાભપ્રદ પ્રજાતિઓ, ગૃપર્સ, સ્નેકર્સ અને કોરલ માછલીઓ જેવી વાણિજ્યિક મુલ્ય ધરાવતી પ્રજાતિઓ અને અન્ય મહત્વપૂર્ણ પ્રજાતિઓ મત્સ્યચન સંસાધનના રૂપમાં હાજર છે. ભૌગોલિક રૂપથી દુર સ્થિત હોવાના કારણે અહીયાના મત્સ્યચન વિકાસમાં બાધા પહોંચી છે, તથા મત્સ્યચનનો શ્રેષ્ઠતમ ઉપયોગ જ થઈ શક્યો નથી. સરકાર મત્સ્યચન સંસાધનોના ટકાઉ ઉપયોગ, મૈરીકલ્ચર, સ્થાનિક માછીમારોની ક્ષમતા વિકાસ હેતુ સમર્પિત કાર્યક્રમ કાર્યરત કરશે, અને સંસ્થાગત પોસ્ટ-હાર્વેસ્ટ સહાયતા, જે ઉપજને મુખ્ય બજારો સુધી અને સમુદ્રી ખાદ્ય પદાર્થોને ગંતવ્ય સુધી પહોચવાની પરવાનગી આપે છે, આ બધી બાબતોને પ્રોત્સાહન આપશે.

### પોસ્ટ-હાર્વેસ્ટ અને પ્રોસેસિંગ

૨૯.૦ દેશમાં માછલી ઉતારવા માટે કેન્દ્રો, મત્સ્યચન બંદરગાહો અને માછલી બજારોની સાફ-સફાઈ એ સ્વસ્છતાની સ્થિતિમાં સુધાર કરવાની આવશ્યકતા છે, જેથી તેમને આંતરાષ્ટ્રીય ધોરણો અનુસાર બનાવી શકાય. હિતધારકોને જાગૃત કરવા માટે સરકાર કાર્યક્રમ શરુ કરશે જેથી તેઓ મત્સ્યચન બંદરગાહોમાં સાફ-સફાઈ અને સ્વચ્છતાની જાળવણી કરી શકે. સાથે રાજ્ય સરકારો અને પોર્ટ ટ્રષ્ટ ઓથોરીટીને, સંબંધિત મુદ્દાઓના સમાધાન માટે ઉપયોગી પ્રણાલી વિકસિત કરવા માટે, અને બંદરગાહ સુવિધાઓના દૈનિક વ્યવસ્થાપન વિગેરે માટે, હિતધારકો દ્વારા સંચાલિત વ્યવસ્થાપન સમિતિઓ વિકસિત કરવા પ્રોત્સાહન અપાશે. આ રીતે સુરક્ષિત અને સ્વચ્છ સમુદ્રી ખાદ્ય સામગ્રીની ઉપલબ્ધતા સુનિશ્ચિત થઈ શકશે. પોસ્ટ-હાર્વેસ્ટ મત્સ્યચનમાં ભારતની ક્ષમતા અને પ્રશિક્ષણ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે વિશેષ રૂપથી પ્રયાસો કરવામાં આવશે.

DRAFT

૩૦.૦ પુરતી માળખાગત સુવિધાઓ, સમુદ્રી મત્સ્યચન મુલ્ય-સાંકળની સાથે વિવિધ એમ.સી.એમ. કાર્યો માટે પણ મહત્વપૂર્ણ રહેશે. જરૂરીયાતોના વ્યાપક પુનર્મૂલ્યાંકણના આધારે અને તેની તટીય તંત્ર ઉપર ન્યુનતમ પ્રભાવ સુનુશ્ચિત કરી, સરકાર વધારાની માળખાગત સુવિધાઓ તૈયાર કરશે, જેમાં બંદરગાહ સ્થિત માછલી ડ્રેસિંગ કેન્દ્ર અને માછલી પ્રોસેસિંગ માળખું શામેલ છે. આ પ્રકારની માળખાગત સુવિધાઓની સ્થાપનામાં હિતધારકોની પ્રત્યક્ષ લાગણીને પ્રોત્સાહન આપવા માટે, અને જૂરીયતોની ત્વરિત પુર્તિને સુનિશ્ચિત કરવા માટે, સાર્વજનિક નીજી સહભાગિતા સાથે માછીમાર સહકારી મંડળીઓને પ્રોત્સાહન આપવામાં આવશે.

૩૧.૦ હાલમાં એવો અંદાજ લગાવવામાં આવે છે કે માછલી હાર્વેસ્ટનો લગભગ ૧૫% ભાગ પોસ્ટ-હાર્વેસ્ટ પ્રક્રિયાઓમાં નાશ પામે છે, જે પ્રાકૃતિક સંપદા માટે બહુ મોતી ક્ષતિ કહેવાય, જેનું વધુ સારી રીતે ઉપયોગ કરી શકાય. સરકાર વધુ સરસ ઓન-બોર્ડ માછલી હેન્ડલીંગના માધ્યમથી પોસ્ટ-હાર્વેસ્ટ ક્ષતિનું અંદાજ લેશે

જેથી ખાસ કરીને વધુ મુલ્ય ધરાવતી માછલી અને તેના ઉત્પાદનથી ઉત્તમ ગુણવત્તા અને મુલ્ય મેળવી શકાય. આ મહત્વપૂર્ણ બાબત છે કે આથી માછલી સંપદાને ઓછું નુકશાન થશે, જેથી માનવ ઉપભોગ માટે વધુ માછલીઓ મળી રહેશે. બાઈ-કેચને ઓછું કરવાની દિશામાં સુસંગત ઉપકરણો, ગિયર અને અન્ય વ્યવસ્થાપન ઉપાયોના માધ્યમથી પ્રોત્સાહિત કરવામાં આવશે.

૩૨.૦  મત્સ્ય આહાર ઉદ્યોગમાં નિમ્ન મુલ્ય ધરાવતી માછલીનો પ્રયોગ એક ચિંતાનો વિષય બની ચુક્યો છે, કારણ કે આવું કરવાથી ઓછું મુલ્ય ધરાવતી માછલીઓનું અમર્યાદિત દોહન થઈ શકે છે અને બાઈ-કેચમાં વૃદ્ધિ થઈ શકે છે, આ રીતે સમુદ્રી ઈકોલોજીકલ સિસ્ટમને પણ નુકશાન પહુચે છે. દેશના અમુક ભાગોમાં માછલીની આહાર તરીકે વધુ પડતી માંગના કારણે અને લઘુ પૈલાજીગ્સની વધુ માંગને કારણે અતિ-મત્સ્યયનને પ્રોત્સાહન મળે છે, પરિણામસ્વરૂપે  દેશના અમુક ભાગોમાં પૈલાજીક મત્સ્ય-સ્ટોકની અછત થઈ છે. સરકાર માછલીના આહાર તરીકેની માંગના પ્રસારને નિયંત્રિત કરવા અને તેના નિયમન સંબંધી પગલાઓ લઈ આ મુદ્દાનો સમાધાન લાવશે.

### વ્યાપાર

ભારતીય સમુદ્રી ખાદ્ય પદાર્થનું વૈશ્વિક ખાદ્ય વ્યાપારમાં મહત્વપૂર્ણ સ્થાન છે. પાછલા સમયમાં ભારતથી નિકાસ કરાયેલ સમુદ્રી ખાદ્ય પદાર્થોની માત્રા અને ગુણવત્તા બન્નેમાં વૃદ્ધિ થઈ છે. આ વિકાસ હોવા છતાં, ભારતીય સમુદ્રી ખાદ્ય પદાર્થોએ આજે પણ શ્રેષ્ઠતમ મુલ્ય  મેળવવાનું બાકી છે, આવું પહેલા તો સમુદ્રી ઉત્પાદનોના મુલ્ય વૃદ્ધિના નિમ્ન સ્તરને કારણે અને બીજું, ઉત્પાદન-બ્રાન્ડીંગના ખરાબ સ્તરના કારણે છે. આ ખામીઓને પહોંચી વળવા ઉત્પાદનોના વૈવિધિકરણને સમર્થન આપવામાં આવશે , મુલ્યવર્ધન અને ઉત્પાદ બ્રાન્ડીંગમાં સુધાર કરવામાં આવશે અને વિશ્વના વિભિન્ન ભાગોમાં, નવા બજારો સુધી પહોંચને વધારવામાં આવશે. આ પ્રકારે ઘરેલું ક્ષેત્રમાં માછલી અને મત્સ્ય-ઉત્પાદોની ઉપભોક્તાઓમાં વધતી માંગણી સાથે આ સુનિશ્ચિત કરવામાં આવશે કે ઉપભોક્તાને સારી ગુણવત્તાની માછલી મળી રહે, સરકાર હાલના માળખા, મુલ્ય-સાંકળ અને ઘરેલું માછલીના વ્યાપારના અન્ય મહત્વપૂર્ણ ગુણોની સમીક્ષા કરશે.

૩૪.૦   મત્સ્યયન ઉત્પાદ અનુંમાંનિયતા (ટ્રેસેબિલીતી) અને ચેન ઓફ કસ્ટડીને સંબોધિત કરવામાં આવશે કારણકે વૈશ્વિક સમુદ્રી ખાદ્ય વ્યાપારમાં તેનું મહત્વપૂર્ણ સ્થાન છે. તે સિવાય, સમુદ્રી ખાદ્ય ઉત્પદોને આંતર્રાષ્ટ્રીય માંગ અને ધોરણોના અનુરૂપ વિવિધિકૃત કરવામાં આવશે, જેથી મત્સ્યયન ઉત્પદોને ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક અધિકૃતતા (એફ.એસ.એસ.એ.આઈ.) માટે માનકોની સમકક્ષ કરી શકાય. આ બાબતે સરકાર

DRAFT

એફ.એસ.એસ.એ.આઈ. બેંચ માર્કને નિકાસ નિરીક્ષણ પરિષદ (ઈ.આઈ.સી.)ની સાથે તાલમેળ મેળવવા બાબતે વિચાર કરશે.

૩૫.૦ સમુદ્રી ખાદ્ય પદાર્થની અનુંમાર્ગનીયતા (ટ્રેસેબિલીટી) અને ઇકો-લેબલિંગ મત્સ્યયનની પર્યાવરણીય સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે ધીરે-ધીરે બજાર-આધારિત મધ્યસ્થીના રૂપમાં મહત્વ પ્રાપ્ત કરી રહ્યા છીયે. યુરોપીય સંઘ (ઈ યુ) ના બજારમાં નિકાસ કરવા પાત્ર દરેક સમુદ્રી ખાદ્ય પદાર્થો માટે સમુદ્રી ખાદ્ય પદાર્થોની ટ્રેસેબિલીટીને દર્શાવવું એક મહત્વપૂર્ણ જરૂરિયાત છે. એવી સંભાવના છે કે આવનારા વર્ષોમાં આયાત કરનાર વધુ દેશો માત્ર પ્રમાણિત અને લેબલયુક્ત સમુદ્રી ખાદ્ય પદાર્થોની જ માંગ કરશે. સરકાર પ્રમુખ ભારતીય મત્સ્યયનના પર્યાવરણ-લેબલિંગને પ્રોત્સાહિત કરવા માટે એક સક્ષમ માહોલ તૈયાર કરશે જે મત્સ્ય-સ્ટોક, સમુદ્રી ખાદ્ય ઉદ્યોગ અને માછીમારોને લાભ પહોચાડશે.

૩૬.૦ માછલી ઉતારવા માટે કેન્દ્રો અને રિટેલ બજારોમાં માછલી વેચાણ મૂલ્યના વચ્ચેનો વ્યાપક અંતર એ બતાવે છે કે વચોટિયા કિંમતનો મહત્તમ ભાગ પડાવી લે છે. અહિયા ક્રેડીટ બંધન સંબંધી મુદ્દાઓ પણ હોય છે. સરકાર બિન-જરૂરી હસ્તક્ષેપને ઓછું કરવા માટે પગલા લેશે જેથી માછીમારોની વચોટિયા અને ખાનગી ધિરાણ આપનારાઓ ઉપર નિર્ભરતા ઓછી થઈ શકે. માછીમારો દ્વારા અને/અથવા રાજ્યો દ્વારા સંચાલિત બંદરગાહ આધારિત સહકારી મંડળીઓના માધ્યમથી બજારોને સુદૃઢ કરવાનો પ્રયાસ કરાશે.

### સમુદ્રી પર્યાવરણ તથા પ્રદુષણ

૩૭.૦ ભારતમાં સમુદ્રી પર્યાવરણ પ્રદુષણના કારણે દબાણમાં છે અને કદાચ માછલીઓના સ્ટોકની અછત માટેનું એક કારણ છે. આ સિવાય, જમીન ઉપર પ્રવાહી કચરાનું અપૂરતું ઉપચાર, દરિયામાં પ્લાસ્ટિક (ખાસ કરીને માઈક્રો પ્લાસ્ટિક) અને છદ્મ મત્સ્યયન (ઘોસ્ટ ફિશિંગ) જેવા કારણો પણ માછલીના સ્ટોકને સમાન રૂપે પ્રભાવિત કરે છે. સરકાર, પ્રદુષણ નિયંત્રણને નિયંત્રિત કરવા માટે નિયમન તંત્રને મજબુત કરશે જેથી સુનિશ્ચિત કરી શકાય કે જમીન ને દરિયા આધારિત પ્રદુષણ અસરકારક રીતે નિયંત્રિત થાય અને ઈકોલોજીકલ સીસ્ટમની દેખરેખ રાખી શકાય. આ બાબત સુનિશ્ચિત કરવા માટે કે મત્સ્ય-હોડીઓ સમુદ્રી પ્રદુષણમાં કોઈ પણ પ્રકારે યોગદાન ન આપે, મત્સ્ય-હોડીઓની ડીઝાઇનમાં અપેક્ષિત ઉપાય સાથે શક્ય દરેક પ્રયાસ કરવામાં આવશે.

૩૮.૦ બંદરગાહનો વિકાસ ક્યારેક કપાત અને ભારતીય તટીય ક્ષેત્રોમાં ક્ષારની વૃદ્ધિને પ્રોત્સાહન આપે છે. આવા વિકાસ તટીય સંરચનામાં પરિવર્તન લાવી શકે છે, જેનો પ્રભાવ તટરેખા, ઇકોલોજી અને મત્સ્યયન

DRAFT

ઉપર પડી શકે છે. સરકાર તટરેખામાં માળખાગત વિકાસ બાબતે વિચાર કરતા સમયે આ પાસાઓના સમાધાન હેતુ યોગ્ય તંત્ર સ્થાપિત કરવા વિચાર કરશે અને સુનિશ્ચિત કરશે કે દરેક હિતધારકોના હિતનો યોગ્ય રીતે રક્ષણ કરી શકાય.

૩૯.૦ એ વાત સર્વ વિદિત છે કે તટવર્તી તટની પાસે ટેલ-એન્ડ વાળા ઈકોલોજીકલ સીસ્ટમ હોય છે, અને અહિયા મળી આવતા સમુદ્રી મત્સ્ય-સંસાધન પાણી અને તલછટના પ્રવાહમાં વહી આવતા પોષકતત્વો ઉપર નિર્ભર રાખે છે. તેમ છતાં, જળ સંસાધન માનવજનિત દબાવોના આધીન છે જેના પરિણામસ્વરૂપ પર્યાવરણને નુકશાન અને તાજા પાણીના પ્રવાહમાં કમી આવતી હોય છે જેથી તે ઘણી મહત્વની સમુદ્રી મત્સ્ય સંસાધનના સ્ટોકને પ્રભાવિત કરે છે, વિશેષ રૂપથી ઉચ્ચ મુલ્ય ધરાવતા ઝીંગા, જે આ આંતર-દેશીય તટીય જળમાં પોતાનું જીવનનાનું એક ચક્રને પૂરું કરે છે. માટે આ પ્રકારના ટેલ-એન્ડ ઇકોલોજીના પર્યાવરણીય સમરૂપતાની રક્ષા માટે સરકાર લેન્ડસ્કેપ થી સાગર-સ્કેપ દૃષ્ટિકોણ પર વિચાર કરશે જ્યાં આંતર- દેશીય જળ સંસાધનોનું યોગ્ય વ્યવસ્થાપન પણ તટીય જળના સ્વાથ્ય અને કલ્યાણને સુનિશ્ચિત કરે.

૪૦.૦ ટકાઉ મત્સ્યયનના વિકાસમાં વૃદ્ધિ કરતા સમુદ્રી પર્યાવરણના ઈકોલોજીકલ સંતુલનને જાળવી રાખવાની બાબતે સરકાર ભાર આપશે, જેથી સુનિશ્ચિત કરી શકાય કે સમાપ્તિની આરે ઉભી અથવા સંરક્ષિત સમુદ્રી પ્રજાતિઓ ઉપર પ્રતિકુળ અસર ન પડે. ચેરિયા, સમુદ્રી-ઘાસ (સી-વીડ), અને મૂંગા ચટ્ટાનો તટીય સમુદ્રી ઈકોલોજીકલ સીસ્ટમનો અભિન્ન અંગ છે અને ઘણી માછલીઓની પ્રજાતિ અને સમુદ્રી સ્તનધારીઓ જેવા કે સમુદ્રી ગાય (ડુંગોંગ) માટે રહેવાની જગ્યા સાથે ઈકોલોજીકલ સેવાઓના વિસ્તારને ઉપલબ્ધ કરાવે છે. આવા ઈકોલોજીકલ સિસ્ટમની કોઈ પણ પ્રકારે અનુચિત માનવીય અસરોથી રક્ષા કરવામાં આવશે.

### જળવાયું પરિવર્તન (અનુકુલન અને નવી પહેલ)

૪૧.૦ જળવાયું પરિવર્તન સહુથી મોટો પડકાર છે, જેનો સામનો મત્સ્યયન ક્ષેત્ર કરી રહ્યું છે, જેના માટે સમયબદ્ધ રીતે અનુકુલન અને વ્યવસ્થાપન યોજનાઓ જરુરી છે. સમુદ્રી મત્સ્યયન ઉપર જળવાયું પરિવર્તનનો પ્રભાવ ભારતીય અનન્ય આર્થિક ક્ષેત્ર અને બધી બાજુથી ખુલ્લા દરિયામાં પુરતી રીતે જોઈ શકાય છે. આવો પ્રભાવ અમુક પ્રજાતિઓના મત્સ્યયનમાં સ્પષ્ટ રીતે બદલાવ લાવ્યું છે અને તેને માંછેમાંરોને મત્સ્યયન પદ્ધતિમાં બદલાવ લાવવા મજબુર કર્યું છે. જળવાયું પરિવર્તનને અમુક માછલીઓની પ્રજાતિઓના અમુક સ્ટોકની અતિશયતામાં પરિવર્તન માટે એક કારણ માનવામાં આવે છે. સરકાર,સમયબદ્ધ રીતે અનુકુલન વિકલ્પ લાગુ કરવાની સાથે મત્સ્યયન અને માછલી પકડવા વાળા સમુદાયો ઉપર જળવાયું પરિવર્તનના પ્રભાવો ઉપર કેન્દ્રિત અધ્યયનને પ્રોત્સાહન આપશે. જળવાયું પરિવર્તન ઉપર આંતર્રાષ્ટ્રીય પ્રતિબદ્ધતાના

DRAFT

ભાગ રૂપે, મત્સ્યયન અને મત્સ્યયન સંબંધી પ્રક્રિયાઓથી ઉત્પન્ન થતી ગ્રીન હાઉસ ગેસો (જીએચજી)ને ઓછું કરતા હરિત મસ્ત્યયન વિષે વિચારને પ્રોત્સાહન આપશે.

### માછીમાર સમુદાયનું કલ્યાણ સામાજિક સુરક્ષા અને સંસ્થાગત ધિરાણ

૪૨.૦ સરકાર હાલની કલ્યાણકારી ઉપાયોને ચાલુ રાખી સાથે જ પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણ યોજના (ડીબીટીએસ)ના માધ્યમથી દેશમાં માછીમાર સમુદાયને પર્યાપ્ત સુરક્ષા કવચ પ્રદાન કરવા માટે અને તેઓને મજબુત કરવા માટે પણ વિચાર કરશે. આ પ્રકારના ઉપાયોથી માછીમાર સમુદાય કલ્યાણ, આવાસ અને અન્ય સુવિધાઓને પણ શામેલ કરવામાં આવશે.

૪૩.૦ તોફાનનો પ્રવાહ, ચક્રવાત, મોજાઓ વેગેરે જેવી ઉગ્ર પ્રકૃતિની મૌસમિક ઘટનાઓને પ્રાકૃતિક આપદાઓ ગણવામાં આવશે. આવે જ રીતે, માનવ નિર્મિત આપદા જેવી કે ઓઈલ-સ્પિલને પણ આપદા ગણવામાં આવશે અને પ્રભાવિત માછીમાર સમુદાયોને તેમની આજીવિકા પાછી અપાવવા માટે વ્યવહારિક સહયોગ/મદદ ઉપલબ્ધ કરાવવામાં આવશે. દરિયામાં માછીમારોની મૃત્યુ થઈ ગયાના બનાવોમાં, વળતર મેળવવાની પ્રક્રિયાને સરળ બનાવવામાં આવશે જેથી પ્રભાવિત માછીમાર પરિવારને યોગ્ય સમયમાં તેનો લાભ મળી શકે.

૪૪.૦ મત્સ્યયન પ્રતિબંધનો માછલી સ્ટોકના સ્વાસ્થ્ય ઉપર સકારાત્મક પ્રભાવ માટે હિતધારકોના એક મોટા જુથે આવાજ ઉઠાવ્યો છે. અમુક તટીય રાજ્યોને પણ હિતધારકો સમાન પ્રતિબંધ અવધિને હાલની ૬૧ દિવસની અવધિથી વધારવાની વાત ઉપર ભાર આપ્યો છે. પ્રતિબંધના લાભકારી પ્રભાવ અને હિતધારકોના સારા સહયોગનો વિચાર કરતા, સરકાર માછીમારોને મત્સ્યયન પ્રતિબંધ અવધિ સમયે ઉપલબ્ધ હાલના વળતર પેકેજને સદૃઢ કરશે. આવું કરવાથી માત્ર હિતધારકને સંસાધન સંરક્ષણમાં સંલગ્ન કરી શકાશે પરંતુ માછલીના સ્ટોક, જેમાં અછત/ક્ષાર દેખાય છે, ના પુનરુત્થાન અને પુનર્સ્થાપનામાં પણ મદદ મળશે.

૪૫.૦ મત્સ્યયન સહકારી મંડળીઓની સંસ્થાઓએ હાલના વર્ષોમાં ઘણી પ્રગતિ કરી છે, અને અમુક રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોમાં, આ પ્રકારની સહકારી મંડળીઓએ પોતાની સફળતાનું પ્રદર્શન કર્યું છે. મત્સ્યયન ક્ષેત્રમાં સહકારી સમુદાય વધુ સારી રીતે સમુદાયની મદદ કરી શકે જો તે વ્યવહારિક સારું કારોબારી મોડલ અપનાવે, જેથી હાર્વેસ્ટ અને પોસ્ટ હાર્વેસ્ટ બંને કર્યો શામેલ છે. દેશમાં મત્સ્યયન સહકારી મંડળીઓને જ્યાં પણ જરૂર હોય, કૌશલ વિકાસ અને તકનીકી અને વિત્તીય સહાયના માધ્યમથી સુગમ અને સુદૃઢ કરવામાં

DRAFT

આવશે. સહકારી મંડળીઓને મત્સ્યયન અને જળવાયું સંબંધી મુદ્દાઓના સમાધાન હેતુ વિજ્ઞાન આધારિત દૃષ્ટિકોણને અપનાવવા માટે પ્રોત્સાહિત આપી તેને સુદૃઢ કરવામાં આવશે.

૪૬.૦ માછીમારો દ્વારા મત્સ્યયન ઉપકરણો અને હોડીઓની ખરીદી હેતુ સંસ્થાગત ધિરાણની ઉપલબ્ધતા મળી રહેવી અઘરી હોય છે, માટે ઘણા માછીમાર ખાનગી ધિરાણ આપનારા અને વચોટિયાના ધિરાણ-જાળમાં ફસાઈ જતા હોય છે. આ સ્થિતિને સમાપ્ત કરવા માટે સરકાર માછીમારને ઉદાર નિયમો અને શરતોને આધીન ધિરાણ ઉપલબ્ધ કરવવા બાબતે વિચાર કરશે. આ દિશામાં, રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક (નાબાર્ડ)ની ભૂમિકા મહત્વપૂર્ણ છે, જે માછીમારોની આવશ્યકતાઓ ઉપર વિચાર કરશે.

૪૭.૦ સરકાર, માછલી પકડવાના વધુ આર્થિક અને કુશળ પદ્ધતિઓ થકી મત્સ્યયનમાં આગળ વધવા માટે પરંપરાગત માછીમારોના પ્રશિક્ષણ, ક્ષમતા વર્ધન અને તકનીકી કૌશલના વિકાસ માટે પગલા લેશે.

### લિંગ સમાનતા

૪૮.૦ મહિલાઓનો ફાળો મત્સ્યયન ક્ષેત્રમાં પોસ્ટ-હાર્વેસ્ટ પ્રક્રિયાઓમાં કુલ કાર્યબળનું ૬૬%થી પણ વધુ છે. પરિવારને નિભાવવા સિવાય મહિલાઓ માછલીના રિટેલ વેચાણ, માછલી સુકવવી અને અન્ય મૂલ્યવર્ધક પ્રવૃત્તિઓ મહિલા સ્વ સહાય જૂથોના દ્વારા મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. સરકાર મહિલાઓ દ્વારા ભજવવામાં આવતી ભૂમિકાઓને જાળવી રાખી અને મહિલા સહકારી મંડળીઓને ભાગીદાર બનાવી, મહિલા અનુકુળ ધિરાણ સહાયતા યોજનાઓ ચલાવશે, મહિલાઓ માટે સારી કાર્ય પરિસ્થિતિઓ જેમાં સુરક્ષા, સાફ-સફાઈ અને રીટેલ વેચાણ માટે પરિવહન સુવિધાઓ શામિલ છે અને સાથે નાના-પાયાના મત્સ્યયન, મુલ્યવર્ધન પ્રક્રિયાઓ અને મત્સ્યયન વ્યવસ્થાપનમાં સક્રિય ભૂમિકા બજાવવા માટે પ્રોત્સાહિત કરશે.

### અતિરિક્ત/ વૈકલ્પિક આજીવિકા

૪૯.૦ સમુદ્રી મત્સ્યયન –સંસાધનોમાં આવી કમીને ધ્યાને લેતા, વિશાલ માત્રામાં ફેલાયેલ તટીય માછીમાર સમુદાયો માટે આજીવિકાના અતિરિક્ત/વૈકલ્પિક સ્ત્રોતની જરુરિયાત રહેશે. સમુદ્રી માછલી ઉછેર (મૈરી-કલ્ચર) અને પર્યાવરણ –પર્યટન (ઇકો-ટુરીઝમ) આ સંબંધમાં મહત્વપૂર્ણ રહેશે, અને આ બંને આજીવિકાના અતિરિક્ત/વૈકલ્પિક સ્ત્રોત ઉપલબ્ધ કરાવવાની ક્ષમતા ધરાવે છે. ઇકો-ટુરીઝમના રૂપમાં મત્સ્યયન ખેલ (ગેમ-ફિશિંગ) અને કૈચ, ફોટોગ્રાફી અને રિલીજ (સી.પી.આર.) વિશ્વ ભરમાં લોકપ્રિયતા પ્રાપ્ત કરી રહ્યા છે. અંડમાન અને નિકોબાર દ્વીપ-સમૂહ, મુખ્ય જમીનના અમુક તટો સિવાય આવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે આદર્શ સ્થળ છે. સરકાર ઉપયુક્ત ક્ષેત્રોના માછીમારો વચ્ચે સી.પી.આર. યોજનાને પ્રોત્સાહિત કરશે એ

DRAFT

સાથે માછીમારોની આજીવિકાની જરૂરિયાતોની સાથે તટીય અને સમુદ્રી જળના સંબંધિત પર્યટન યોજનાઓના સામંજસ્ય વિષે વિચાર કરશે.

### ભૂરી વૃદ્ધિ પહેલ

૫૦.૦ મત્સ્યયન ક્ષેત્ર હેતુ પોતાની રણનીતિની પુનર્વ્યાખ્યા કરતા, સરકાર માછીમારોને તેમના પરિવારના જીવન અને આજીવિકામાં સુધાર હેતુ દેશના સમુદ્રી અને અન્ય જલીય સંસાધનોથી મત્સ્યયન સંપદાના સતત ઉપયોગ દ્વારા "ભૂરી ક્રાંતિ" (નીલ ક્રાંતિ) ઉપર ભાર આપશે. "ભૂરી ક્રાંતિ"માં ભૂરી વૃદ્ધિ પહેલના તત્વ શામેલ હશે જેવા કે સતત વિકાસ લક્ષ્ય (એસ.ડી.જી.)ના હેઠળ ઉદ્દેશ્ય નિર્ધારિત કરવામાં આવ્યા છે જેના માટે ભારત પ્રતિબદ્ધ છે.

૫૧.૦ સમુદ્રી સ્થાન માટે વધતી માંગને ધ્યાને લેતા, સમુદ્રી સ્થાનિક યોજના (એમ.એસ.પી.)ની આવશ્યકતા મહત્વપૂર્ણ છે. દરિયાથી ખનીજ અને તેમના દોહન/ઉત્ખનનની વધતી માંગણી સાથે સમુદ્રી વાણિજ્યિક યાતાયાતની વધતી માત્રાને રણનીતિ રક્ષા ઉદ્દેશો માટે ઘણી જગ્યાઓ ઉપર પ્રતિબંધ હોવાના કારણે, મત્સ્યયન માટે ઉપલબ્ધ સ્થાનમાં કમી થતી જઈ રહી છે. આ સમાવિષ્ટ વિકાસને ધ્યાને રાખી, સરકાર એમ.એસ.પી. બાબતે વિચાર કરતા સુનિશ્ચિત કરશે કે દરેક આર્થિક પ્રવૃત્તિઓ હેતુ તેમને જગ્યા મળે અને આ પ્રક્રિયામાં ઘર્ષણ ઓછું થાય.

### આંતરાષ્ટ્રીય કરાર/વ્યવસ્થાઓ

૫૨.૦ ભારતીય મત્સ્યયન હવે વૈશ્વિક સ્તરે સ્થાપિત થઈ ચુક્યું છે. મત્સ્યયન બાબતે વૈશ્વિક એજેન્દાનું નિર્દેશન બંધનકર્તા અને બિન-બંધનકર્તા ઉપાયો દ્વારા કરવામાં આવે છે જે મત્સ્યયન અને પર્યાવરણીય બંને પાસાઓ સાથે સંબંધિત છે. આવા ઉપાયો અને કરારો ઉપર એક હસ્તાક્ષરકર્તા હોવાના નાતે ભારતે જોગવાઈઓ અને કરારોને તેમના આંતરાષ્ટ્રીય ઉદ્દેશ્યોને હાંસલ કરવા માટે કાર્યરત કરવા અને મત્સ્યયનને ટકાઉ બનાવવાની આવશ્યકતા છે, જો આવું નહી કરીએ તો તે આ ક્ષેત્રને પ્રભાવિત કરશે અને લાખો માછીમારોની આજીવિકા ઉપર અસર કરશે. સરકાર આંતરાષ્ટ્રીય કરારો/વ્યવસ્થાઓની જોગવાઈઓનું પાલન સુનિશ્ચિત કરશે અને આવા ક્ષેત્રીય/આંતરાષ્ટ્રીય સંગઠનનોની ગતિવિધિઓમાં સક્રિય સહભાગિતા સુનિશ્ચિત કરશે જે માનવજાતિની આમ વિરાસતનો ભાગ છે.

૫૩.૦ એફ.એ.ઓ.ના જવાબદાર મત્સ્યયન માટે આચારસહિતા (સી.સી.આર.એફ. અથવા કોડ) આજે વૈશ્વિક મત્સ્યયનના ક્ષેત્રમાં સર્વાધિક મહત્વપૂર્ણ બિન-બંધનકર્તા કરાર છે તેનો ઉદ્દેશ્ય વૈશ્વિક અને પ્રત્યક્ષપણે

DRAFT

એફ.એ.ઓ.ના સદસ્યો અને બિન-સદસ્યો, મત્સ્યયન સંસ્થાઓ, દરેક પ્રકારના સંગઠનો, માછીમારો, માછલી અને માછલી ઉત્પાદોના પ્રોસેસિંગ અને વેચાણમાં સંલગ્ન વ્યક્તિ – સંક્ષેપ્તમાં, મત્સ્યયન સંસાધનના સંરક્ષણને મત્સ્યયન વ્યવસ્થાપન અને વિકાસ સાથે સંબંધિત દરેક માટે નિર્દેશિત છે. સંહિતા સ્વૈચ્છિક છે, પરંતુ સંહિતાના અમુક નિશ્ચિત ભાગ સંયુક્ત રાષ્ટ્રના ઘણા સંમેલન અને કરારોમાંથી, મુખ્ય અનુચ્છેદ અને જોગવાઈઓને શામિલ કરી દર્શાવે છે, જેવું પહેલા પણ કહેવામાં આવ્યું છે.સંહિતા દરેક મત્સ્યયનના સંરક્ષણ, વ્યવસ્થાપન અને વિકાસ માટે લાગુ સિદ્ધાંતો અને ધોરણોને નિર્ધારિત કરે છે. સરકાર સુનિશ્ચિત કરશે કે સમુદ્રી મત્સ્યયનથી સંબંધિત સંહિતા અને તેના સિદ્ધાંતો, તેની દરેક પ્રવૃત્તિઓમાં સારી રીતે આવરી લેવામાં આવે.

૫૪.૦ વૈશ્વિક સમુદાયે ગરીબી ઉન્મુલન અને અન્ન સુરક્ષા માટે નાના-પાયાના મત્સ્યયનને મુખ્ય યોગદાનકર્તા માન્યું છે, અને ટકાઉ નાના-પાયાના મત્સ્યયન સંબંધી સ્વૈચ્છિક દિશાનિર્દેશોને (વી.જી.એસ.એસ.એમ.) માટે સહમતિ આપી છે. વી.જી.એસ.એસ.એફ. દિશાનીર્દેશોનું મુખ્ય ઉદ્દેશ્ય નાના-પાયાના માછીમાર સમુદાયોને સશક્ત કરતા માનવ અધિકારો આધારિત દૃષ્ટિકોણને પ્રોત્સાહન આપી અન્ન સુરક્ષા અને ગરીબી ઉન્મુલનના હેતુને પ્રાપ્ત કરવું છે. સરકાર નાના-પાયાના મત્સ્યયનની લાક્ષણિકતાઓ અને આ ક્ષેત્રના આંતરિક ભાગોમાં વિશેષ રૂપથી મત્સ્યયન જેમની જીવીકાનું સાધન છે, ને ધ્યાને રાખતા વિજી-એસ.એસ.એફ.ની જોગવાઈઓને કાર્યરત કરવા માટેના શક્ય દરેક પ્રયાસ કરાશે.

૫૫. ૦ કારણકે બંધનકર્તા અને બિન-બંધનકર્તા આંતરાષ્ટ્રીય ઉપાયોમાં શામેલ જોગવાઈઓ સામાન્યતઃ એક-બીજાના પુરક છે, માટે એ જરુરી છે જે આ ઉપાયોને જુદું-જુદું ન જોઈ સંકલિત રીતે વિચાર કરવામાં આવે. સરકાર આવા ઉપાયોને વધુ સંતુલિત સમજ અને તેમના અસરકારક અમલીકરણ માટે હિતધારકો અને મત્સ્યયન સંગઠનોની સાથે વ્યાપક ચર્ચા-વિચારણાને પ્રોત્સાહિત કરશે.

DRAFT

### ક્ષેત્રીય સહયોગ

૫૬.૦ ભારતીય ઉપ-મહાદ્વીપ પશ્ચિમમાં અરબ સાગર અને પૂર્વમાં બંગાળની ખાડીથી ઘેરાયેલું છે. આ બંને સમુદ્ર સાથે મળી ઉપરી ભારતીય મહાસાગરનું નિર્માણ કરે છે. પશ્ચિમી તટ ઉપર, ભારત પોતાની સમુદ્રીસીમાઓ પાકિસ્તાન અને માલદીવની સાથે વહેંચે છે, જયારે પૂર્વીય તટ ઉપર, સીમાઓ શ્રીલંકા, બાંગ્લાદેશ, મ્યાનમાર, થાઈલેન્ડ અને ઇન્ડોનેશિયાની સાથે વહેંચે છે. અમુક બાબતોમાં, આ માત્ર વહેચાયેલ સમુદ્રીસીમાઓ જ નથી પરંતુ વહેચાયેલ – ઈકોલોજીકલ સીસ્ટમ છે, જેવી કે ભારત અને શ્રીલંકાની વચ્ચે મન્નારની ખાડી અને પાક ડેલ્ટા ક્ષેત્ર; ભારત ને બાંગ્લાદેશની વચ્ચે સુંદરબન; અને અરબ સાગરમાં મ્યેક (મેરગુઈ) દ્વીપ સમૂહ. અરબ સાગર અને બંગાળની ખાડી બંનેમાં પ્રવાસીની સાથે સાથે સ્થાનિક મત્સ્ય-સ્ટોક જેવી કે ટ્યુના અને ટ્યુના જેવી

પ્રજાતિઓ, શાર્ક અને સ્પેનિશ માછલીનું શરણ સ્થળ પણ છે. આવી પરિસ્થિતિઓમાં જ્યાં જરુરી હોય, સરકાર સંસાધનોના વ્યવસ્થાપન અને ટકાઉ ઉપયોગ માટે મજબુત ક્ષેત્રીય સહયોગને પ્રોત્સાહન આપશે જેથી જ્યાં જરુરી હોય, પ્રજાતિઓ/સ્ટોકનું સંરક્ષણ પણ શામિલ છે.

૫૭.૦ માછીમાર સમુદાયની રક્ષા અને સુરક્ષામાં આપસી સહયોગ પણ આવશ્યક છે, કારણ કે જોવામાં આવ્યું છે કે ઉપરી ભારતીય મહાસાગર, ખાસ કરીને બંગાળની ખાડી અત્યધિક પ્રતિકુળ મૌસમની ઘટનાઓની સાક્ષી છે, જેમાં દરેક વર્ષે ઘણા માછીમારો પોતાનો જીવ ગુમાવી બેસે છે, અથવા વધુ પડતી મુશ્કેલીઓને સહન કરે છે. સાથે, દ્વિપક્ષી વ્યવસ્થાપન દ્વારા સમુદ્રી મત્સ્યયનના ક્ષેત્રમાં સહયોગની સાથે ક્ષેત્રીય મત્સ્યયન અને પર્યાવરણ સંગઠનોમાં ભાગીદારીને વધુ આગળ લાવવામાં આવશે. આવા સહયોગ વહેચાયેલા સંસાધનો અને વહેચાયેલા ઈકોલોજીકલ સીસ્ટમ, નીતિઓની સુસંગતા અને ટ્રાન્સ- સીમા સંસાધનોના શ્રેષ્ઠતમ દોહન માટે ઉદ્દેશિત કાર્યક્રમો, માનવ અધિકારોની સુરક્ષા, ખાસ કરીને અન્ય દેશોના જળમાં જતા રહેનારા માછીમારોના હિતની રક્ષા કરશે.

૫૮.૦ ભારતીય માછીમારોની પડકારરૂપ પરિસ્થિતિમાં કામ કરવાની ક્ષમતા, પરિશ્રમી સ્વભાવ અને કાર્યદક્ષતાને અન્ય દેશોમાં માન્યતા મળેલ છે. પરિણામ સ્વરૂપ, ભારતમાંથી વધુમાં વધુ માછીમાર અન્ય દેશના બેડામાં કામ શોધી રહ્યા છે. ઘણી બધી વાર ભારતીય માછીમારને અન્ય દેશોના ઈ.ઈ.ઝેડ.માં માછલી પકડતા સમયે પકડી લેવામાં આવે છે., સરકાર માટે સામાન્ય રીતે તેમને છોડાવવું ઘણું મુશ્કેલ હોય છે. સરકાર સુનિશ્ચિત કરશે કે જે માછીમાર અન્ય દેશમાં મત્સ્યયન ક્ષેત્રમાં રોજગારી મેળવવા ઉત્સુક હોય પાસે પર્યાપ્ત કૌશલ અને અન્ય દરિયાનું જ્ઞાન હોય અને તે આઈ.એલ.ઓ. સંમેલન ૧૮૮ના આધાર પર ઔપચારિક સરકારી પરવાનગી દ્વારા જાય.

DRAFT

### શાસન અને સંસ્થાગત પાસું

૫૯.૦ સમુદ્રી મત્સ્યયન ક્ષેત્રનું વ્યવસ્થાપન ઘણી સંસ્થાઓ જેવી કે તટીય રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશની સરકારો(મત્સ્યયન વિભાગ), કેન્દ્ર સરકાર (પશુપાલન,ડેરી અને મત્સ્યપાલન વિભાગ, વાણીજ્ય અને ઉદ્યોગ મંત્રાલય, તટ રક્ષક વેગેરે) અને વૈજ્ઞાનિક સંસ્થાઓના દ્વારા કરવામાં આવે છે. આ બહુલવાદી પ્રશાસનિક સંરચનામાં એક તરફે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય અને તટીય રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોની વચ્ચે તથા બીજી બાજુ કેન્દ્ર સરકારના વિભિન્ન મંત્રાલયો/વિભાગોની વચ્ચે મજબુત સમન્વયની જરૂરત ઉભી કરે છે. તે સિવાય, તટીય રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોની વચ્ચે સમાન સહયોગ પણ સુનિશ્ચિત કરવા માટે આવશ્યક છે

કે મત્સ્યયનનું ટકાઉ રૂપમાં દોહન થાય. આ સંબંધમાં, સરકાર દરેક સંબંધિત એજેન્સિઓની વચ્ચે સારું સમન્વય જાળવી રાખવા પ્રણાલીની સ્થાપના બાબતે વિચાર કરશે.

૬૦.૦ ભારતમાં સમુદ્રી મત્સ્યયન વ્યવહાર અને સંસાધન દોહનમાં સતત પરિવર્તનની સાથે ગતિશીલતા પણ છે. સમુદ્રી મત્સ્યયન નિયમન અધિનિયમ (એમ.એફ.આર.એ.) ૧૯૮૦થી અસ્તિત્વમાં આવ્યું હતું અને અમુક રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોને છોડી, એમ.એફ.આર.,એ. ૧૯૯૦ની વચ્ચે લાગુ થઈ ગયું હતું. આ વાત ધ્યાને રાખતા કે મહત્તમ એમ.એફ.આર.એ. મહત્વપૂર્ણ આંતરાષ્ટ્રીય કરારો/વ્યવસ્થાઓ (જેવી કે ૧૯૮૨ યુ.એન.સી.એલ.ઓ.એસ., ૧૯૯૨ યુ.એન.એફ.એસ.એ., ૧૯૯૫ સી.સી.આર.એફ. વિગેરે)ને સ્વીકારવા પહેલા જ સ્વીકારી લેવામાં આવ્યા હતા , સરકાર હાલમાં એમ.એફ.આર.એ.માં મત્સ્યયનના વ્યવસ્થાપન હેતુ હાલના નિયમો અને જોગવાઈઓને અદ્યતન કરવા બાબતે વિચારશે, અને સાથે આંતર્રાષ્ટ્રીય ઉપાયો/વ્યવસ્થાઓની સાથે સુનિશ્ચિત કરશે કે તે મત્સ્યયન વ્યવસ્થાપનના દરેક પાસાને આવરી લે છે. તેને તટીય રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા વિચાર હેતુ મોડલ બીલ તૈયાર કરી કરવામાં આવશે.

૬૧.૦ કેન્દ્ર સરકાર ઈ.ઈ.ઝેડ અર્થાત ૧૨ થી ૨૦૦ નોટીકલ માઈલના ક્ષેત્રમાં મત્સ્યયનના નિયંત્રણ અને નિયમન માટે જવાબદાર છે, ઈ.ઈ.ઝેડ.માં ઉપરોક્ત કાયદાની સાથે મત્સ્યયન નિયમનની આવશ્યકતા છે. સરકાર આ ક્ષેત્રમાં મત્સ્યયનના વિકાસ અને પ્રબંધન માટે આવા કાયદાઓ લાવવા માટે પગલા લેશે.

## ભવિષ્યનો રસ્તો

૬૨.૦ એન.પી.એમ.એફ., ૨૦૧૭ દ્વારા આગલા એક દશક માટે સમુદ્રી મત્સ્યયન ક્ષેત્રની બહુ-પરિમાણીય અને વધતી જરૂરીઆતોને પહોંચી વળવાની આશા રાખીએ છીએ. આ નીતિ સંપૂર્ણ છે અને આ વિવિધ આર્થિક પ્રવૃત્તિઓના દરેક ખંડોની જરૂરિયાતને વ્યાપક રૂપથી સમાધાન કરશે. એન.પી.એમ.એફ., ૨૦૧૭નું એક "રોડમેપ" હશે જે નીતિમાં રહેલ દરેક ભલામણ હેઠળ એક્શન પોઈન્ટ નિર્દિષ્ટ કરશે. આ એક્શન પ્લાનને કાર્યરત કરવા માટે સમયમર્યાદા, કામ માટે જવાબદાર એજેન્સીઓ અને કામ માટે જરુરી ધનરાશીના સંભવિત સ્ત્રોતોની સાથે આગળ વધુ વિસ્તરિત કરવામાં આવશે. "અમલીકરણ યોજના"માં એક "દેખરેખ અને મૂલ્યાંકન" વિભાગ પણ હશે જે અમલીકરણની સમયબદ્ધતા અને અસરકારિતાને સંબોધિત કરશે. એવી આશા છે કે અમલીકરણના માધ્યમથી, ભારતમાં સમુદ્રી મત્સ્યયન ક્ષેત્ર એક સ્થાયી અને સરસ રીતે વ્યવસ્થાપિત એકમ બનીને ઉભરશે, જેથી માનવ ઉપભોગ માટે ઉત્પાદનના યોગ્ય ઉપયોગમાં વૃદ્ધિ થશે; રોજગાર, લિંગ સમાનતા અને આજીવિકા; ઇક્વિટી અને સમાનતા; અન્ન સુરક્ષા અને પોષણની જોગવાઈથી આ ક્ષેત્રમાં ધન અને સમૃદ્ધિનું સૃજન થશે.

DRAFT

આદિત્ય કુમાર જોશી, સંયુક્ત સચિવ

DRAFT